## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



લાગે છે કે શિતળા સાતમની જગ્યાએ કોરોના સાતમનું પૂજન કરશું તો જ કોરોનામાંથી છૂટકારો મળશે...!!

# સેકટર-૨૫ જીઆઈડીસીમાં આવેલ વિવેકાનંદ નગરમાંથી ૧.૯૨ લાખની ચોરી

## માતાએ ચોરી અંગે દિકરી-જમાઈ અને દિકરીના જેઠ સામે પોલીસ ફરીયાદ નોંધાવી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં આવેલા વિવેકાનંદ નગર ખાતે માતાએ પોતાનું ઘર દિકરીને રહેવા માટે આપ્યું હતું. જેમાં તેમની તિજોરી તેમજ અન્ય કેટલોક સામાન ઘરમાં પડ્યો હતો. ત્યારે તિજોરીમાંથી રૂ.૧૬,૫૦૦ રોકડા, અને રૂ,૧,૮૦,૫૦૦ ની કિંમતના સોના-ચાંદીના દાગીના ગાયબ થઈ ગયા છે. ચોરી અંગે માતાએ દિકરી-જમાઈ અને દિકરીના જેઠ સામે સેકટર-૨૧ પોલીસ ફરીયાદ કરી છે.

મળતી વિગત મુજબ બોરીજ ગામે રહેતા કંકુબેન વિઠ્ઠલભાઈ દંતાણીના કહેવા મુજબ તેમના પતિને પાંચ વર્ષ પહેલા સેકટર-૨૫ વિવેકાનંદનગર ખાતે મકાન મળ્યું હતું. આ ઘર તેઓએ તેમની નાની દિકરી નીતા અને જમાઈ દિલિપ દંતાણીને રહેવા માટે આપ્યું હતું. જેમાં તેમની સાથે તેનો જેઠ રણજીત પણ રહેતો હતો. કંકુબેનનો તિજોરી સહિત કેટલોક સામાન ઘરમાં હતો.ફેબુઆરીના પ્રારંભે દિકરી અને જમાઈ તેમના વતન દહેગામના ફુલપુરા ગામે જતા રહ્યા હતા.

જયારે તા.૧૪ ફેબ્રુઆરીના રોજ સામાજીક પ્રસંગે આવતા ફરીયાદી એ સેકટર-૨૫ ખાતે તિજોરી ખોલીને જોતા અંદર રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપીયા ગુમ હતા. દિકરી અને જમાઈને પુછવા છતા રૂ.૧.૯૨ લાખની મત્તા મળી ન હતી. જેથી મહિલાએ પોલીસમાં અરજી કરતા દિકરી જમાઈએ સમાજની રાહે સમાધાન અંગે કહ્યું હતું.પાંચ માસ વીતી ગયા હોવા છતા આરોપીઓએ દાગીના કે રૂપીયા પરત ન આપતા મહિલાએ સેકટર-૨૧ પોલીસ મથકે દિકરી-જમાઈ અને દિકરીના જેઠ સામે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



## રીક્ષામાં બેસાડી લૂંટ કરતી ગેંગ પકડાઈ

નરોડા રીંગરોડથી ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામે જતા નાગરિકો અને મુસાફરોને રીક્ષામાં બેસાડી અવાવરૂ સ્થળે રીક્ષા ઉભી રાખી ચપ્પુ બતાવી, ધાકધમકી આપી મોબાઈલ, રોકડ વગેરેની લૂંટ ચલાવનારને એલસીબી પોલીસે ઝડપી લીધા છે. પોલીસે આરોપીઓ પાસેથી દસ હજારની કિંમતનો એક મોબાઈલ અને ગુનામાં વપરાયેલ રીક્ષા સાથે રણાસણ સર્કલ પાસેથી પકડી લીધાં છે. એલસીબી પોલીસે બે ગુનાનો ભેદ શોધી કાઢી તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગુજરાત પાણી પુરવઠા બોર્ડના એક ઉચ્ચ અધિકારીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યાની વાતથી કર્મચારીઓમાં સન્નાટો જોવા મળી રહ્યો છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની અપીલ સમિતિની બેઠક ૧૫મી ઓગષ્ટ પછી મળશે.
- ગુજરાત હિસાબ અને તિજોરી શાખા દ્વારા એક સાથે ૮૦થી વધુ નાયબ હિસાબનીશ / ઓડિટર ગૃપ-૨ના કર્મચારીઓની બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે. અગાઉ પણ હિસાબનીશ/પેટા તિજોરી અધિકારી ગૃપ-૧ ના ૨૮ જેટલા કર્મચારીઓની બદલી થઈ હતી. એક જ સપ્તાહમાં એકસોથી વધુ કર્મચારીઓની બદલીઓ થઈ છે.
- ૧૫મી ઓગષ્ટ પછી સ્વચ્છતા અભિયાન જિલ્લાના ચારેય તાલુકાઓમાં હાથ ધરવામાં આવનાર છે. આ માટેના આયોજનો તૈયાર કરી મોકલવા માટેની સૂચનાઓ અપાઈ છે.
- હોસ્પિટલો બાદ હવે હોટલો અને રેસ્ટોરન્ટમાં પણ ફાયર એન.ઓ.સી.ની ચકાસણી શરૂ કરવામાં આવશે.

# ઝુંડાલના ખેડુત સામે ૫૦ લાખની છેતરપિંડીની ફરીયાદ

## ખેડુતે ઓએનજીસી દ્વારા સંપાદન થયેલી જમીન પણ વેચાણમાં દર્શાવી હતી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક આવેલા ઝુંડાલ ગામના ખેડુતે ઓએનજીસીએ સંપાદન કરેલી ૯૪૦ ચોરસમીટર જમીન ખોટી રીતે વેચાણ કરવા મુદ્દે ખેડુત સામે રૂ. ૫૦ લાખની છેતરપિંડીનો ગુનો નોંધાયો છે. ખેડુતે રૂ. ૨,૧૨,૯૧,૦૦૦ માં પોતાની ૪૦૪૬ ચોરસમીટર જમીન વેચાણ કરી હતી. ઓએનજીસીએ સંપાદન કરેલી ૯૪૦ ચોરસમીટર જમીનનું વળતર પણ ખેડુતને મળી ગયુ હોવા છતા વેચાણ કરતા આ મુદ્દે ગુનો નોંધાયો છે.

મળતી વિગત મુજબ ઉવારસદ ઈંટોનો ભઠ્ઠો ધરાવતા ભરતભાઈ મફતભાઈ પ્રજાપતિએ ૯ વર્ષ પહેલા તેઓ તેમજ તેમના બે ભાઈઓએ મળીને ઝુંડાલ ખાતે જમીન ખરીદી હતી. ત્યારે ૧ વીઘાનો ભાવ ૧.૨૫ કરોડ હતો, તે સમયે તેમણે ૪૦૪૬ ચોરસમીટર જમીન માટે માલિક ભગાભાઈ રણછોડ પટેલને રૂપીયા આપી જમીન ખરીદી હતી. જમીન માલિક ભગાભાઈએ દસ્તાવેજ અને વેચાણ ખત જમીનનો કરી આપ્યો હતો. મે-૨૦૧૯માં ફરીયાદીને ધ્યાને આવ્યું હતું કે જમીનમાંથી ૯૪૦ ચોરસમીટર જમીન વર્ષ ૨૦૦૦ માં ઓએનજીસીએ સંપાદન કરેલી છે. જેથી ખેડુતે સંપાદન થયેલી જમીનનો પણ દસ્તાવેજ કરીને ખરીદનાર પાસેથી રૂ.૫૦ લાખની રકમ વધુ લીધી હોવાનું ધ્યાને આવ્યું હતું. જે અંગે અરજી થતા જિલ્લા પોલીસ વડા એ ગુનો દાખલ કરવા આદેશ કર્યો હતો.જેથી ભરત પ્રજાપતિએ ઝુંડાલના ખેડુત ભગાભાઈ પટેલ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધાવતા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

# સેકટર-૫/એ ખાતે યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

## લોકડાઉનના સમયથી યુવકની ખાનગી નોકરી છુટી ગઈ હતી

ગાંધીનગર, તા.૮

કોરોનાને પગલે સમગ્ર વેપાર ધંધામાં મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે. વેપાર રોજગાર ઠપ થઈ ગયા છે. ત્યારે ખાનગી નોકરી કરતા યુવકો એ પોતાનો જીવન નિર્વાહ કરવું પણ મુશ્કેલ સાબિત થઈ રહ્યું છે તેવા સંજોગોમાં સેકટર-૫ એ ખાતે એક યુવકે આપઘાત કરી લેતા પરિવારે પોતાનો મોભી ગુમાવતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે.

ગાંધીનગર શહેરના સેકટર-૫ એ ખાતે પ્લોટ નં.૪૬૧-૧ ખાતે રહેતા જ્ઞાન પ્રકાશ કનુભાઈ સોલંકી નામના યુવાને પોતાના ઘરે રૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. જુવાનજોધ દિકરાએ અચાનક આપઘાત કરી લેતા વયોવૃધ્ધ માતા-પિતા અને પત્ની તેમજ દિકરી અને દિકરા પર આભ ફાટી પડ્યું છે. પરિવારના હૈયાફાટ રૂદનને પગલે સ્થાનિક નાગરીકોની આંખ પણ ભીની બની ગઈ હતી. જ્ઞાન પ્રકાશ બપોરના ભોજન બાદ ઉપરના માળે આરામ કરવા ગયા હતા અને સાંજે ચા પીવા માટે નીચે ના આવતા તેમના પિતા તેમને બોલાવવા માટે ગયા હતા. દરવાજો ખખડાવવા છતા દિકરાએ દરવાજો ન ખોલતા પરિવારને કંઈક અજુગતુ બન્યું હોવાનું લાગી રહ્યું હતું.જેથી પરિવારે ગેલેરીમાં અન્ય માણસને ઉતારીને અંદરથી દરવાજો ખોલાવ્યો હતો. પરિવારના સભ્યો રૂમમાં પહોચ્યા ત્યારે જ્ઞાન પ્રકાશભાઈનો મૃતદેહ લટકતી હાલતમાં જોવા મળ્યો હતો. બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી મૃતદેહને પીએમ માટે મોકલી આપી અકસ્માતે મોતની નોંધી કરી આગળની તપાસ હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકે આર્થિક સંકળામણને પગલે આપઘાત કર્યો હોવાનું કહેવાય છે. ખાનગી નોકરી કરતો યુવક લોકડાઉનના સમયથી ઘરે જ હતો. પરિવારમાં પત્ની, ૧૫ વર્ષની દિકરી અને ૮ વર્ષના દિકરા અને વૃધ્ધ માતા-પિતાને કલ્પાંત કરતા મુકીને યુવાને આ દુનિયાને અલવીદા કરી દીધી છે.



## ચિલોડા પંથકમાં વરસાદ ખેંચાતા મગફળીના પાકમાં ઉધઈના રોગથી ખેડૂતોને નુકશાન

ચાલુ સાલે જૂન માસમાં મેઘરાજાની વહેલી પધરામણી થતાં ખેડૂતોમાં સારા વરસાદના એંધાણોથી ખુશીનો માહોલ સર્જાયો હતો. ત્યારબાદ અષાઢ-શ્રાવણ માસમાં વરસાદની અનિશ્ચિતતાથી થૂટોછવાયા ઝાપટાં પડતા અપૂરતો વરસાદ તેમજ અસહ્ય ઉકળાટ અને બાફથી કપાસ, ડાંગર અને મગફળીના પાકને જરૂર પ્રમાણે વરસાદનું પાણી ન મળતાં પાક મુંઝાવવા માંડ્યો છે. ત્યારે મગફળીના પાકને ઉધઈનો રોગ લાગતાં પાક સુકાવા માંડ્યો છે. પરિણામે ખેડૂતો બોરના પિયતથી પાણી આપવાનું અને ઉધઈની દવાનો છંટકાવ કરી બચાવવા તનતોડ મહેનત કરી રહ્યા છે. હાલમાં શ્રાવણ માસમાં અમુક વિસ્તારમાં વરસાદના સરવરિયા વરસી રહ્યાં છે. પરિણામે બે માસનો સમય વિતવા બાદ હજુ વરસાદ પૂરતો ન પડતાં ખેડૂતોમાં ચિંતાનું મોજુ ફરી વળ્યુ છે. કદાચ ભાદરવો વરસે તો પાછોતરો વરસાદ પાકને નુકશાન થાય તેવા એંધાણોથી ખેડૂત આલમમાં ચિંતાજનક બાબત બની છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
વનબંધુ કલ્યાણ યોજના
VANBANDHU KALYAN YOJANA

ગુજરાતના લાખો આદિવાસી ભાઈઓ અને બહેનોના સર્વાંગી વિકાસ અને ઉત્કર્ષની ઉજવણી કરતો



આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ

૯ ઓગસ્ટ, ૨૦૨૦



મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આદિજાતિ સમાજ માટે લીધા સંવેદનશીલ નિર્ણયો

- વનબંધુ કલ્યાણ યોજનાઃ આદિજાતિ વિકાસ માટે કુલ રૂ.૧,૦૦,૯૫૬ કરોડની ફાળવણી
- પેસા એક્ટની જોગવાઈઓનો સઘન અમલઃ આદિજાતિ સમાજને જંગલની જળ–જમીન અને ગૌણ વનપેદાશોના એકત્રીકરણના ગૌણ ખનીજ અધિકારો આપી આર્થિક સશક્તિકરણની પહેલ
- ગુણવત્તાસભર શિક્ષણ માટે ૧૯ નવી મળી કુલ ૧૧૭ એકલવ્ય શાળાઓઃ ૩૨,૯૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણની સુવિધાઓ તથા ૨૪ નવી સરકારી આદર્શ નિવાસી શાળાઓ શરૂ કરવાની મંજૂરી
- મેડીકલ/એન્જિનિયરીંગ અભ્યાસ માટે આદિજાતિના ૭,૧૧૯ વિદ્યાર્થીઓને ખાસ કોચિંગઃ ચાલુ વર્ષમાં ૧,૦૩૮ વિદ્યાર્થીઓ મેડીકલ/એન્જિનિયરીંગ પ્રવેશ માટે પાત્ર
- આદિજાતિ વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની તક પુરી પાડવા અને તેને વધારે ગુણવત્તાયુક્ત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની (રાજપીપળા ખાતે) સ્થાપના કરી છે
- આઝાદીની ચળવળમાં મહત્વનો ભાગ લેનાર આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું ટ્રાયબલ મ્યુઝિયમ ગરૂડેશ્વર, રાજપીપળા ખાતે ૨૫ એકર જમીનમાં કરોડોના ખર્ચે આકાર લેશે
- સમરસ હોસ્ટેલઃ ૦૯ મહાનગરોમાં કોલેજ કક્ષાએ ભણતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે ૧૨,૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી સમરસ હોસ્ટેલ
- વન અધિકાર અધિનિયમ હેઠળ વ્યક્તિગત દાવા, સામુહિક દાવા અને માળખાકિય સુવિધા માટે ૧૩ લાખ એકર કરતા વધુ જંગલની જમીનના લાભોની મંજૂરી
- આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ નિમિત્તે એકલવ્ય મોડલ શાળાઓ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણનો વ્યાપ વધારવા આદિવાસી વિસ્તારમાં ૦૯ શાળાઓ અને ૦૧ સ્પોર્ટસ કોમ્પલેક્ષનું ઈ–લોકાર્પણ/ઈ–ભૂમિપૂજન

નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ
– શ્રી નીતિનભાઈ પેટલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત.